શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૦

અંક : ૧૨

### શીલ્પાબેન

જુનાગઢ જીલ્લાના છેવાડાના ગામ ખાવડીમાં રહેતી શીલ્પાબેનની આ વાત છે. પાતળા બાંધાના ખખુડીયું શરીર ધરાવતા બહેન એક દિવસ સંસ્થાની મહિલા ન્યાય સમિતિ પાસે આવ્યા, રડતા રડતા પોતાની વિતક કથા કહેવા લાગ્યા. ન્યાયસમિતીના બહેનોએ તેમને પાણી આપી. હુંફ અને સાંત્વના આપી. તમામ મદદ કરવાની ખાતરી આપી. શાંત ચિતે પોતાની કથની વર્ણવા જણાવ્યું. હૈયું શાંત થયું. તેમને થયું કે મને મદદ મળશે એટલે તેમણે પોતાની વાત શરૂ કરી.

મારો સંસારનો રથ ચાલતો. તેમા હું એક બાબો અને એક બેબી બે સંતાનની માતા બની પ્રથમ સંતાન બાબો પરતું શરૂઆતથી જ મંદબુધ્ધિનો જેથી ચિંતાઓની શરૂઆત થઈ.

લગ્ન જીવનમાં પ્રેમાળ પતિ હોવાથી બીજા બધા દુઃખો ભુલી હું બધાની સેવા કરતી. પરંતુ અચાનક મારા પતિને અસાધ્ય બિમારી થઈ આ બિમારીમાં તેમની ખુબ સારવાર કરવા છતા તેમનું મુત્યુ થયું અને ન જીરવાય તેવો આઘાત સહન કરવાનો મારા જીવનમાં આવ્યો.

*એ લોકો જે આ જગતની તોડફોડ કરી રહયા છે. યાદ રાખો અમે તમને ખતમ કરીને જંપીશુ. જે લોકો શાંતિની ખોજમાં છે અને સલામતી ઝંખી રહયા છે. યાદ રાખવુ, અમે તમને સહાયતા કરતાં જ રહીશુ.*

*– બારાક ઓબામા*

**Important Days of January 08**

| | |
|---|---|
| 1-7 | Road safety Day |
| 12 | National Youth Day |
| 21 | Martin Luter King Day |
| 26 | Indian Republic Day |
| 27 | World Leprosy Day |
| 30 | National Cleanliness Day |

**વિશ્વાસ વિશ્વાસનું સર્જન કરે છે.**

મોટા કરી જીવન ગુજારીશ તેવું નકકી કર્યુ. બીજુ અમારી જ્ઞાતીમાં બીજુ ઘર કરાઈ નહી. આ ઉપરાંત દીયરને કોઈ છોકરી આપતું નહી. જેઠના ઘરના જેઠાણી પણ નહી જેથી કુટુંબના ૯ લોકોની જવાબદારી મારા પર આવી.

સરકારશ્રીની આઈ.સી.ડી.એસ. યોજનામાં વિધવા બહેનોને આંગણવાડી વર્કરમાં નોકરીની જોગવાઈની તક ઝડપી. મારા પિતાના સહકારથી કાર્યવાહી કરી જેથી નોકરી મળી આવક શરૂ થઈ.

નોકરી મળતા શરૂઆતમાં વાંધો ન આવ્યો. પરંતું દીયર, જેઠના ચા–પાણી, રસોઈ ટાઈમે ન સચવાતા મુશ્કેલી શરૂ થઈ. આવી નોકરી ન કરાય, અમે કમાઈને લાવીશું, ઘરે બેસો, રોટલા ઘડો વગેરે કંકાસ શરૂ થયો અને ઘરનો વહીવટ પણ હું કરવા લાગી હતી તે પણ પુરૂષ સતાને માઠું લાગ્યુ. બાયુ કેમ વેવાર કરે વગેરે છતાં હું હિંમત હારી નહી. મારા પિતાને વાત કરી. તેમણે ઘરના લોકોને સમજાવ્યા, થોડો ફેર પડયો છતાં તેમનાથી સહન થતું નથી કે એક સ્ત્રી કામ કરે. પરતું બહેનો મારે પણ મારા બાળકોનુ વિચારવાનુ કે નહી. તેમાંય બાબો તો પાગલ છે. મારે નોકરી હોય તો કોઈની જરૂર નહી ને ? કોઈની પાસે હાથ લાંબો કરવો નહી.

કેન્દ્ર ખોલવાનું હતું ત્યારે અમારા પોતાના ઘરે ફળીયામાં રૂમ છે. ત્યાં નકકી કર્યું. બાળકો હરીજનના આવવાના હતા. તો મારા જેઠ કહે મારા ફળીયામાં હરીજન નહી. તમે બીજે ખોલો. કોઈ સાહેબ તપાસમાં આવે તો મારા જેઠનો દીકરો ટેપરેકોર્ડર ફુલ મુકી દે ખુબજ ઘોંઘાટ કરી મને ખૂબજ માનસિક ત્રાસ આપતા એટલા માટે કે હું નોકરી છોડી તેમના બધાના હાથ નીચે રહી સેવા જ કરૂ એવું બધા ઈચ્છતા હતા પરતું હું તેમનાથી ડરતી નથી. હું નોકરી છોડવાની નથી. મારા પિયરનો મને પુરો સપોર્ટ છે. મારાં પર માનસીક ત્રાસ ઓછો થાય તેવું કરો. તેમ તેઓએ પોતાની રજુઆત પુરી કરતા જણાવ્યુ હતુ.

મહિલા ન્યાય સમીતીના બહેનોએ તેમના સાસરીયાનાં લોકોને મળવા ગયા. શરુમાં તેઓ માન્યા નહી અને કહયું સ્ત્રીઓ કામ ન કરે કામ તો પુરૂષો જ કરે. સ્ત્રીએ ઘરનું કામ જ કરવું જોઈએ. લાંબી ચર્ચા બાદ સમીતીના બહેનો તથા શિલ્પાબહેનએ નિર્ણય કર્યો કે ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ અરજી કરીએ. અરજી કરવાની જરૂર ના પડી માત્ર વાત કરવાથી જ અમલ થયો. બહેનને હવે તેઓ પરેશાન કરતા નથી અને સહકાર આપે છે.

– અશોક શેલાર

**સ્વમાન માણસની સાદગીમાં રહેલું છે.**

## એચઆઈવી/એઈડઝ

૧ લી ડીસેમ્બરને વિશ્વમાં વિશ્વ એઈડ્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે રેલી, પોસ્ટર, રકતદાન, પ્રદર્શન, ફીલ્મ શો, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નાટક, એકપાત્ર અભિનય, કઠપુતળીના ખેલ વગેરે જુદાજુદા માધ્યમો દ્વારા જુદીજુદી રીતે લોકોને એચઆઈવી/એઈડ્સ વિશે માહીતી તેમજ તેના વિશે જાગૃત કરવાના પ્રયત્નો સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યા. તમામ માળખાઓના અથાગ પ્રયત્નો કરવા છતાં પણ આજે લોકોની માનસિકતામાં જોઈએ તેવુ પરિવર્તન લાવી શકાયુ નથી. આજે પણ જયારે આપણને ખબર પડે કે આપણી આજુબાજુ અથવા આપણા પરિચયમાં કોઈ વ્યકિત એચઆઈવી પોઝીટીવ છે તો આપણા વર્તનમાં તરત જ પરિવર્તન આવી જશે. આપણે તેના પ્રત્યે નકારાત્મક વલણ દાખવશુ અને તરતજ તેના શારિરીક સંબંધો પ્રત્યે શંકા અને કુશંકાઓ વ્યકત કરીશુ. આજે આપણે એટલા તો જાગૃત છીએ કે દરેક એચઆઈવી ગ્રસ્ત વ્યકિત માત્ર શારિરીક સંબંધોને કારણે બની તેમ માનવાની જરૂર નથી. કદાચ તેમ બન્યુ હોય તો પણ તેમના જીવવાના અધિકાર પર તરાપ મારવાનો સમાજના અન્ય લોકોને હકક પહોંચી જતો નથી.

એચઆઈવી ગ્રસ્ત વ્યકિતઓને સમાજમા દરેક સ્તરે ભેદભાવનો સામનો કરવાનો થાય છે. તે જોતા એમ લાગે છે, કે જાગૃતિ કાર્યક્રમોની ખાસ અસર દેખાયેલ નથી. આ માટે નકકર પ્રયાસો જરૂરી બની રહે છે.

આવી વ્યકિતને આપણે આર્થિક મદદ ન કરી શકીએ તો કાંઈ નહી પરંતુ આપણને એવો કોઈ હક્ક નથી કે આપણે તેનુ અપમાન કરી તેને નીચા દેખાડવાનો પ્રયત્ન કરીએ.

એચઆઈવી ગ્રસ્ત વ્યકિતઓના પણ જિલ્લા સ્તરે સંગઠનો રચાયા છે. જેનાથી તેમને ચોક્કસ મદદ મળી શકે, પરંતુ સામાજીક સ્તરે એચઆઈવીગ્રસ્ત વ્યકિતને એક સામાન્ય વ્યકિત સાથે થતા વ્યવહાર મુજબ સ્વીકારવામા આવે તે જરૂરી છે.

શારીરીક ક્ષમતા ઘટવાના કારણે પોતાના પરિવારનુ ભરણ પોષણ પણ ન કરી શકતા પરિવારોને સમાજમાથી ટેકો મળી શકતો નથી ત્યારે આવા પરિવારો પ્રત્યે સંવેદનશીલ વ્યકિતઓ દ્વારા સહાય મેળવી ગત વર્ષમાં એક પરિવારને તથા આ વર્ષે પણ એક પરિવારને પુરા એક વર્ષ માટે ઘર ખર્ચ ચાલે તેવી વ્યવસ્થા આ સંસ્થાએ કરી છે.

– તૃપ્તી વાઘ

**માતા પિતા એ જ ખરાં અર્થમાં સાચા દેવ છે.**

(ગતાંકથી શરૂ ''ઘઉનો મબલખ પાક'' – શ્રી ડી પી પટેલ)

**બિયારણો અને ઘઉંની વિવિધ જાતો**

**સુધારેલ જાતો**

❑ ૧) સમયસર વાવણી માટે (૧૦ નવે. થી ૨૫ નવેમ્બર)

૧) લોક ૧ (૨) રાજ ૧૫૫૫ (૩) જી ડબલ્યું ૧૯૦ (૪) જી ડબલ્યું ૪૯૬ (૫) રાજ ૩૦૭૭ (૬) જી ડબલ્યું (૭) જે ૨૪ (૮) કલ્યાણ સોના

❑ ૨) મોડી વાવણી (૨૫ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર)

૧) લોક ૧ (૨) જી ડબલ્યું–૧૨૦ (૩) જી ડબલ્યું ૧૭૩ (૪) જી ડબલ્યુ ૪૦૫ (૫) જે ૨૪ (૬) સોનાલીકા

**બિન પિયત ઘઉંની જાતો**

બિન પિયત ઘઉંનું વાવેતર જમીનમાં સંગ્રહાયેલ ભેજ અને તાપમાનને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ. સામાન્ય રીતે ૧૫ ઓકટોમ્બરથી ૩ ઓકટોમ્બર સુધી.

(૧) અરણેજ ૨૦ (૨) અરણેજ ૨૦૬ (૩) ગુજરાત ઘઉં જી ડબલ્યુ ૧ (૪) ગુજરાત ઘઉં જી ડબલ્યુ ૨

**બિયારણનો દર અને માવજત**

એક હેકટરે પિયત ઘઉની વાવણી માટે ૧૦૦ થી ૧૨૦ કીલો, બિન પિયત માટે એક હેકટરે ૫૦ કીલોગ્રામ વાપરવું. ઉધઈના અસરકારક નિયંત્રણ માટે–૧ કીલો બિયારણ દીઠ ૪.૫ મીલી. ફલોરોફાયરીફોર્સ ૨૦ % ઈ.સી.ની માવજત આપવી. દવા હંમેશા રાત્રે આપવી.ઉગસુકના રોગ માટે એક કીલોગ્રામ બિયારણ દીઠ ૩ થી ૪ ગ્રામ થાયરમ કે કેપ્ટન દવાનો પટ આપવો.

**બીજની વાવણી અને અંતર**

ઘઉની વાવણી બે હાર વચ્ચે ૨૨.૫ સે.મી.ની અંતર રાખી બિયારણ ૫ થી ૬ સે.મી. ઉંડે પડે તે રીતે વાવણી કરવી, બિન પીયત ઘઉ માટે બે હાર વચ્ચે ૩૦ સે.મી.નું અંતર રાખી વાવણી કરવી અને બીજ ભેજમાં પડે તે રીતે ઉંડે વાવવું

**બીજ માવજત જૈવિક ખાતર**

રાસાયણીક ખાતરોના કાર્યક્ષમ ઉપયોગ માટે ઘઉ વાવતાં પહેલા બિયારણને જૈવિક ખાતર (અઝોટોબેકટર અને પીએસબી કલચર દરેક ૩૦ ગ્રામ/પ્રતિ કી.ગ્રા. બિયારણ) નો પટ આપવાથી પાયાના ખાતરમાં નાઈટ્રોજનનો ૨૫ ટકા અને ફોસ્ફરસનો ૫૦ ટકા બચાવ કરી શકાય છે.

જમીનની ચકાસણી કરાવવી અને તેની જરૂરીયાત મુજબ રાસાયણિક ખાતરો આપવા જરૂરી છે.

**પિયત વ્યવસ્થા**

ઘઉના પ્રમાણસર વિકાસ માટે દરેક અવસ્થાએ પાણીનું અથવા ભેજનું પ્રમાણ જમીનમાં જરૂરી છે. મુકુટ મુળ અવસ્થા અને ફુટ અવસ્થા ૬ છે. તે અવસ્થાએ પાણીની ખેંચ ન પડે તે ખાસ

**સ્ત્રીને સમજવા માટે તંદુરસ્ત સમાજની રચના કરવી જોઈએ.**

કાળજી રાખવી જરૂરી છે. નહિ તો ઉત્પાદનમાં ૨૫ ટકા સુધી ઘટ પડી શકે છે.

***કટોકટીની અવસ્થાઓ***

૧) મુકુટ મુળ અવસ્થા – ઉભા પાકને પહેલુ પાણી ૧૮ થી ૨૧ દિવસે આપવું.

૨) ફુટ અવસ્થા – ૩૫ થી ૪૦ દિવસે આપવું હાઈબ્રીડ જાતમાં ૪૦ થી ૪૫ દિવસે.

૩) ગાભે આવવાની અવસ્થા – ૫૦ થી ૫૫ દિવસે પિયત આપવું. હાઈબ્રીડ જાતમાં ૭૦ થી ૭૫ દિવસે.

૪) ફુલ અવસ્થા – ૬૫ થી ૭૦ દિવસે પિયત આપવું

૫) પોંક અવસ્થા – ૯૦ થી ૯૫ દિવસે પિયત આપવું જયારે નાની જાતની હાઈબ્રીડ જાતમાં ૧૧૦ થી ૧૧૫ દિવસે પિયત આપવું.

દાણામાં પોપતીયાપણુ ઘટાડવા અને ચળકાટ વધારવા માટે છેલ્લું પિયત પોંક અવસ્થાએ આપી દેવું ત્યારબાદ પિયત આપવું નહી.

ઘઉંના પાકમાં ફુવારા પિયત પધ્ધતીથી પિયત આપવાથી ૩૧ ટકા પિયતના પાણીનો બચાવ અને ૧૮ ટકા ઉત્પાદન વધુ મેળવી શકાય છે.

***નિંદણ નિયંત્રણ :–***

૧) હાથ વડે નિંદામણ કરવું.

૨) રાસાયણિક નિંદણ કરવું.

આ પાકમાં અન્ય પરિબળો કરતાં નિંદણથી વધુ નુકશાન એટલે કે ૨૦ થી ૬૦ ટકા થાય.

***ઘઉંના પાકમાં આવતાં રોગ :–***

(૧) ગેરુ–પીળોગેરૂ, પાનનોગેરૂ, થડનોગેરૂ (૨) પાનનો સુકારો (૩) કાળી ટપકી (૪) અનાવૃતઆંજીપો (૫) ઉગસુકનોરોગ (૬) ઉધઈ (૭) લીલીઈયળ (૮) ગાભમારાની ઈયળ (૯) ખપૈડી વિગેરે રોગ અને જીવાત નિયંત્રણ માટે પરંપરાગત ઉપાયો તેમજ દવાઓનો ઉપયોગ થઈ શકે છે.

***જમીન અને પાણીની ચકાસણી :–***

મોટાભાગે ખેડુતો જમીન અને પાણીની ચકાસણી કરાવતા નથી. અને કરાવે છે તો તેનો અમલ કરતાં નથી. પરિણામે જમીનને જોઈતા પ્રકારનાં પોષકતત્વો જરૂરી પ્રમાણમાં મળી શકતાં નથી.તેના લીધે જમીનની ફળદ્રુપતા અને પાક ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

***આગોતરૂ આયોજન :–***

સમયસરનું આયોજન ખેતીમાં ખુબ જરૂરી છે. શું કરવાનું છે ? કયારે કરવાનું છે ? શું શું જરૂરીયાત પડશે તે કેવી રીતે અને કયાથી પુરી થશે ? તે અંગેનું આગોતરૂ આયોજન કરી લેવું જરૂરી છે. જેથી પાકમાં બધા જ કાર્યો સમયસર થઈ શકશે, સમયસર લીધેલા પગલાઓનાં પરિણામે જમીનમાં જરૂરી તમામ પોષકતત્વો જરૂરીયાત મુજબ વાપરી શકાશે. આમ, જમીનની ફળદ્રુપતામાં ઘટાડો નોંધાશે નહિ અને વધુ ઉત્પાદન મેળવવા ખુબ જ ફાયદાકારક સાબિત થશે.

***પુરૂષ એ સ્ત્રીનું ડાબુ અંગ છે.***

## ઘરેલુ હિંસા અને મિલ્કત પર સ્ત્રીઓના અધિકાર પર ઝુંબેશ

(૨૪ નવેમ્બર થી ૧૦ ડીસે.)

**પ્રસ્તાવના :–**

સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેન્સ વુમન નેટવર્કમાં જોડાયેલ ૬ સંસ્થાઓ દ્વારા દર વર્ષે ૨૪ નવેમ્બર થી ૧૦ ડીસે. ૨૦૦૮ના અધિકાર અંગે ઝુંબેશ યોજાય છે.

જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી દ્વારા ખાંભા તાલુકાના ૧૫ ગામોમાં જાગૃતી અભિયાન કરવામાં આવ્યું.

**ઉદેશ :–**

(૧) ૫ ગામમાં જમીન માલીકી બાબતે સર્વેક્ષણ કરી ગરીબી રેખા હેઠળના કુંટુંબોના મકાનોમાં ગામ નમુના નં. ૨ માં સ્ત્રીઓના નામ દાખલ કરાવવા.

(૨) જમીન અને અન્ય મિલકતો પર સ્ત્રીઓનો અધિકાર છે. તે અંગે જાગૃતી લાવવી.

(૩) ઘરેલું હિંસા અધિનિયમ – ૨૦૦૫નો ઉપયોગ થાય તે માટે લોકોમા સમજ બનાવવી.

**પ્રવૃતિઓ :–**

વાનમાં બેનર, ટેપ તથા માઈક ગોઠવી રથ બનાવેલો હતો. ગામથી થોડે દુર હોઈએ ત્યારે ટેપરેકોર્ડર દ્વારા જમીન માલિકીના ગીતો વગાડયા અને રથને પુરા ગામમાં ફેરવ્યો જેથી લોકોને થાય કે ગામમાં કંઈક આવ્યું છે. ગામના મધ્ય ચોકમાં રથ ઉભો રાખી સુત્રો પોકારવા એટલે ગામના લોકો ભેગા થાય ન્યાય સમીતીના બહેનો તથા પેરાલીગલ વર્કર અને યુવાનો દ્વારા ગામમાં દિવાલો પર પોસ્ટર લગાવ્યા, સ્ટીકર લગાડયા, મહિલા મંડળો તથા આગેવાનોને મળી પત્રિકાઓ આપી સ્થળ નકકી કર્યું. બધા લોકોએ ઘરે–ઘરે જઈ ફિલ્મ જોવા આમંત્રણ આપ્યું અને ફિલ્મ ‘‘ભાગે પડતી ભોય’’ બતાવી. ફિલ્મ પુર્ણ થયા બાદ ખુલ્લા મંચમાં પ્રતિભાવો માંગ્યા. ફિલ્મમાં શું જોયું ? ત્યારબાદ જમીન મિલકતના જી.આર. અને કાયદાઓ અને ફાયદાઓની વાત કરી. ઘરેલું હિંસાના ફાયદાની વાત કરી. પ્રતિભાવો તથા સુચનો મેળવ્યા. ન્યાય સમીતીની રજુઆત કરી. જે પાંચ ગામોમાં સર્વેક્ષણ કરવાનું હતું. ત્યાં સવારથી જઈ માહિતીના આધારે બી.પી.એલ. કુંટુંબોના ઘરની મુલાકાત લઈ બહેનના નામે મકાન કરાવવાની અરજી કરાવી. પાંચ ગામોની માહિતી તાલુકા પંચાયતની ઘરથાળ શાખામાંથી સહેલાઈથી મળી ગઈ હતી. આ પાંચ ગામોમાં બહેનોના નામે મકાન કરાવવાની ૮૭ અરજી ગ્રામ પંચાયતમાં

આપવામાં આવી.

***અસર :–***

૧) લોકોમાં ઘરેલું હિંસા અધિનયમ ૨૦૦૫ ની જોગવાઈઓનો ખ્યાલ આવ્યો.

૨) છોકરા છોકરીઓની સંખ્યા સમાન જાળ વવી હોય તો ભેદભાવ દુર કરવા. જમીન છોકરા છોકરીઓના નામે સરખા ભાગે કરવી. તેવી જરૂરી માન્યતા પ્રબળ બની.

૩) સ્ત્રીઓ સ્વમાન ભેર જીવતી હશે તો દીકરીને જન્મતી રોકવાનો પ્રશ્ન રહેશે નહી.

તેવો સુર જોવા મળ્યો.

***પરિણામો :–***

૧) પાંચ ગામમાં સર્વેક્ષણ થયું.

૨) બહેનોએ મિલ્કત પોતાના નામે દાખલ કરવા અરજી કરી.

૩) ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ ફરિયાદ દાખલ કરવા બે બહેનો તૈયાર થઈ છે.





***આપણે દુશ્મનો નથી, પણ મીત્રો છીએ. જો કે જોમ જુસ્સાને કારણે એમા લસરકા લાગ્યા હોય તેમ બને, પરંતુ અરસ પરસ પ્રીતીના બંધનને તેથી તોડ ફોડ કરાય જ નહી.***

***– લીંકન***

**માસ દરમ્યાનની પ્રવૃતિઓ**

| | |
|---|---|
| ૨ | એલઆઈસી મીટીંગ, ભાવનગર |
| ૩ | ટીમ મીટીંગ, અમરેલી |
| ૬ | અવિરત બોર્ડ મીટીંગ, ખાંભા |
| ૨૪.૧૦ | ૧૫ ગામોમાં ઝુંબેશ, ખાંભા |
| ૧૬–૧૭ | રીવ્યુ પ્લાનીંગ મીટીંગ, અમદાવાદ |

***પ્રેમને કોઈ સીમા નથી તે ઝરણાની જેમ વહયા જ કરે છે.***

માનનીયશ્રી,

માહિતી અધિકારના મુદે નિસબત ધરાવતા નાગરિકો, કર્મશીલો અને સંગઠનોએ સાથે મળી ***માહિતી અધિકાર ગુજરાત પહેલ***ની રચના ૨૦૦૫માં કરી.

પહેલ દ્વારા માહિતી અધિકારના મુદે માર્ગદર્શન અને તાલીમ આપવા ઉપરાંત લોક જાગૃતિના કામો કરવામા આવે છે. વધુને વધુ નાગરિકો માહિતી અધિકારનો ઉપયોગ કરતા થાય અને લોકશાહીને મજબુત બનાવવાની પ્રક્રિયામાં જોડાય તે ઉદેશ્યથી પહેલ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાય છે. આ કાર્યક્રમો માટે જરૂરી વ્યવસ્થા અને સંશાધનોનો ટેકો પણ નાગરિકો જ કરે છે.

માહિતી અધિકાર કાયદાના રૂબરૂ માર્ગદર્શન માટે કાર્યાલય (જનપથ, બી ૩ સહજાનંદ ટાવર, જીવરાજ પાર્ક, અમદાવાદ) પર દર શનિવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન સંપર્ક કરી શકાશે.

માહિતી અધિકારગુજરાત પહેલ દ્વારા માહિતી અધિકાર કાયદાનુ માર્ગદર્શન આપવા માટે મે ૨૦૦૬માં ***માહિતી અધિકાર હેલ્પલાઈન (નંબર ૯૯૨૪૦૮૫૦૦૦)*** શરુ કરવામાં આવી છે.

– પંકિતબહેન જોગ
માહિતી અધિકાર ગુજરાત પહેલ

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. L2/41/G-AMI-91/2008 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto 31/12/2011 Date Of Issue 1st of month

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***લક્ષ્યને સાધવા માટે દરેક પાસાંઓને સમજવા જરૂરી છે.***